# મે.વડોદરાના ત્રીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ,વડોદરા.

**<u>કેસ નંબર . ૧૯૩૯૧/૨૦૧૯</u>**

ફરીયાદીઃ સરકારશ્રી

વિરૂદ્ધ

આરોપીઃ વિક્રમભાઇ મગનભાઇ તડવી
રહે–ઇટોલા શિકોતરનગર
તા. જી.વડોદરા.

**ગુનો– ઈ.પી.કો. કલમઃ ૨૮૩ મુજબ....**

**<u>ઠરાવ</u>**

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે ઈ.પી.કો.કલમઃ **૨૮૩** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતાં હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે, પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનું જણાઈ આવતુ હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯ ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈને આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુકમ</u>**

આરોપી વિક્રમભાઇ મગનભાઇ તડવીને મજકુર ગુના સબબ ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ઈ.પી.કો.કલમઃ૨૮૩ ના ગુનામા રૂા.૧૦૦/–( અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દિન– ૦૧ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

આરોપીના જામીનખત અપીલ સમય વિતેથી રદ ગણવા.

આ હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૩/૭/૨૦૧૯
વડોદરા

( ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ)
CODE NO. GJ00660
ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.